**પ્રધાનમંત્રીએ ત્રિનિદાદ અને ટોબાગોમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધિત કર્યો (03 જુલાઈ, 2025)**

જુલાઈ 04, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ત્રિનિદાદ અને ટોબેગોમાં ભારતીય ડાયસ્પોરાના વિશાળ મેળાવડાને સંબોધિત કર્યો. આ કાર્યક્રમમાં ત્રિનિદાદ અને ટોબેગો ગણરાજ્યના પ્રધાનમંત્રી, મહામહિમ શ્રીમતી કમલા પ્રસાદ-બિસેસર, તેમના મંત્રીમંડળના સભ્યો, સંસદ સભ્યો અને અન્ય ઘણા મહાનુભાવોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં, પ્રધાનમંત્રીનું ડાયસ્પોરા દ્વારા અદભુત ઉષ્મા સાથે સ્વાગત કરવામાં આવ્યું અને રંગબેરંગી પરંપરાગત ઇન્ડો-ત્રિનિદાદિયન સ્વાગતથી સન્માનિત કરવામાં આવ્યા.

2.આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કરતા, પ્રધાનમંત્રી કમલા પ્રસાદ બિસેસરે જાહેરાત કરી કે ત્રિનિદાદ અને ટોબેગો તેમને તેમનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર, "ધ ઑર્ડર ઑફ ધ રિપબ્લિક ઑફ ત્રિનિદાદ અને ટોબેગો" એનાયત કરશે. પ્રધાનમંત્રીએ આ સન્માન માટે ત્રિનિદાદ અને ટોબેગોના લોકોનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

3. પોતાના સંબોધનમાં, પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી કમલા પ્રસાદ-બિસેસરનો તેમના ઉષ્માભર્યા સ્વાગત અને બંને દેશો વચ્ચેના જીવંત અને ખાસ સંબંધોને મજબૂત બનાવવામાં તેમના યોગદાન બદલ આભાર માન્યો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે જ્યારે રાષ્ટ્ર ભારતીય ઇમિગ્રન્ટ્સના પ્રથમ આગમનના 180 વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ત્રિનિદાદ અને ટોબેગોની તેમની ઐતિહાસિક મુલાકાત તેને વધુ ખાસ બનાવે છે. પ્રધાનમંત્રીએ ભારતીય ડાયસ્પોરાની તેમની લવચીકતા, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને ત્રિનિદાદ અને ટોબેગોમાં તેમના અપાર યોગદાન બદલ પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ ત્રિનિદાદ અને ટોબેગોમાં રહેતા ભારતીય ડાયસ્પોરા તેમના ભારતીય સાંસ્કૃતિક મૂળ અને પરંપરાઓનું જતન અને સંવર્ધન કરવાનું ચાલુ રાખે છે તેની પ્રશંસા કરી. આ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે, પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે હવે ત્રિનિદાદ અને ટોબેગોમાં ભારતીય મૂળના લોકોની 6ઠ્ઠી પેઢીને OCI કાર્ડ આપવામાં આવશે. આ ખાસ કાર્યને તાળીઓથી વધાવી લેવામાં આવ્યું. પ્રધાનમંત્રીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારત સરકાર ગિરમિટિયા વારસાનું સંવર્ધન કરવા માટે અનેક પહેલોને સમર્થન આપશે.

4. પ્રધાનમંત્રીએ માળખાગત સુવિધાઓ, ડિજિટલ ટેકનોલોજી, ઉત્પાદન, ગ્રીન પાથવે, અવકાશ, નવીનતા અને સ્ટાર્ટ-અપ્સના ક્ષેત્રોમાં ભારતના ઝડપી વિકાસ અને પરિવર્તનની રૂપરેખા આપી. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે છેલ્લા એક દાયકામાં ભારતે સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં 250 મિલિયનથી વધુ લોકો અત્યંત ગરીબીમાંથી બહાર આવ્યા છે. ભારતની વિકાસગાથાના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડતા, તેમણે જણાવ્યું કે દેશ ટૂંક સમયમાં વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે AI,

સેમીકન્ડક્ટર અને ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ પર રાષ્ટ્રીય મિશન દેશના વિકાસના નવા એન્જિન બની રહ્યા છે. ભારતમાં UPI આધારિત ડિજિટલ ચુકવણીની સફળતાને રેખાંકિત કરતા, તેમણે આશા વ્યક્ત કરી હતી કે ત્રિનિદાદ અને ટોબેગોમાં તેને અપનાવવા એટલું જ પ્રોત્સાહન આપવામાં આવશે. ભારતની સદીઓ જૂની રીતી વસુધૈવ કુટુંબકમ, જેનો અર્થ છે, વિશ્વ એક પરિવાર છેની ફિલોસોફી કોરોના મહામારી દરમિયાન સ્પષ્ટપણે પ્રદર્ષિત થઈ, જેને યાદ કરતાં તેમણે ત્રિનિદાદ અને ટોબેગોના વિકાસ અને રાષ્ટ્ર નિર્માણની યાત્રામાં સતત સમર્થનનું આશ્વાસન આપ્યું.

5. 4000 થી વધુ લોકોની હાજરીમાં યોજાયેલ ભવ્ય કાર્યક્રમમાં મહાત્મા ગાંધી ઇન્સ્ટિટ્યૂટ ફોર કલ્ચરલ કોઓપરેશન અને અન્ય સંસ્થાઓના કલાકારો દ્વારા રજૂ કરાયેલ મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

6. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન અહીં જોઈ શકાય છે.

પોર્ટ ઑફ સ્પેન

03 જુલાઈ, 2025